GJPM040035632024

## આંક–૫ લગત હુકમ

(૧) હાલની અરજી વાદીએ સી.પી.સી.ઓ.૩૯ રુલ ૧, ૨ કલમ–૧૫૧ મુજબ કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે કરેલ છે જેની ટૂંકમાં હકીકત નીચે મુજબ છે.

(૨) વાદીના લેખિત કથન અનુસાર, હાલનો દાવો વાદીએ મોજે નાની ઉભરવણ,તા.હાલોલ, જી. પંચમહાલ મુકામે આવેલ દાવા પેરા–૧ માં જણાવેલ સર્વે નંબર વાળી જમીનો બાબતે તેઓ મૈયત રયજીભાઈ માલાભાઈ પરમારના સીધી લીટીના વારસદારો હોય અને તે જમીનોમાં રયજીભાઈ માલાભાઈનો ૧/૪ હિસ્સો આવેલ હોય તેઓ તે મુજબનો હિસ્સો મેળવવા હકકદાર હોય તેમ જણાવી જમીનોનો વહેંચણી કરાવવા તથા તે મુજબનુ જ્ઞાપન મેળવવા તથા જાથુનો મનાઈહુકમ મેળવવા માટે દાખલ કરેલ છે અને તેમા આંક–૫ થી હાલની મનાઈ હુકમ અરજ લગત દાદ માંગેલ છે કે,

(અ) સદરહુ દાવો ચાલી તેનો અંતિમ નિર્ણય થતા દરમિયાન દાવા અરજી પેરા–૧ માં વર્ણવેલ મોજે નાની ઉભરવણ,તા. હાલોલ, જી.પંચમહાલના ખાતા નં.૧૪૪ ના રે.સ.નં. ૧૧૨/૨, ૧૩૭,૧૭/૧ તથા ૩૧ વાળી જમીનોની સરસનરસ વહેચણી થતા દરમિયાન સદર કામના પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓ રયજીભાઈ માલાભાઈ પરમારના હિસ્સે આવતી ૧/૪ જમીન પૈકી અમો વાદીઓના હિસ્સે આવેલ અડધી જમીનમાં ખેતી કરતા અમો વાદી કે અમારા નોકર,ચાકર, એજન્ટો હેલો હરકત કે અંતરાય કરે કરાવે નહી કે દાવાવાળી જમીનો પૈકી અમો વાદીના હિસ્સે આવેલ અડધી જમીનમાં પેસતા પ્રવેશતા અમો વાદીઓ કે અમારા નોકર, ચાકર એજન્ટોને કોઈ હેલો હરકત કે અંતરાય કરે કરાવે નહી તેવો કામચલાઉ મનાઈહુકમ ફરમાવશોજી.

(બ) આ મનાઈ અરજીનો ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા મહે. કરશો.

(ક) આપ સાહેબને બીજો યોગ્ય અને વ્યાજબી લાગે તે હુકમ કરવા મે. કરશો.

(૨) સદર કામે પ્ર. વાદીઓને દાવા તથા મનાઈ અરજીના સમન્સ/નોટીસ બજતાં પ્રતિવાદી નં.૩/૨,૩/૩ તથા ૬ થી ૧૧ નાઓ હાજર ન રહેતાં તેઓ વિરુધ્ધ આંક–૨૩ લગત હુકમ કરી હાલનો દાવો એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

સદર કામે પ્રતિવાદી નં.૧,૨,૩/૧,૪ અને ૫ નાઓ તેઓના વકીલ શ્રી મારફતે હાજર થયેલ છે અને પ્ર.વાદીઓ તરફે આંક –૧૮ થી દાવા તથા મનાઈ અરજીનો જવાબ આપેલ છે જેમાં પ્રતિવાદીઓએ દાવાની હકીકતોને નકારી વધુમાં જણાવેલ છે કે, આ કામના વાદીઓને તેઓ ઓળખતા નથી કે વાદીઓ તેમના કોઈ સંબંધીને કે વાદીઓ રયજીભાઈના પત્ની/પુત્ર નથી, કારણ કે, તેમના સમાજમાં કોઈ પણ પ્રસંગોમાં વાદીઓને જોવામાં આવેલ નથી તેમજ રયજીભાઈએ પણ પોતાની હયાતીમાં વાદીઓ પત્ની/પુત્ર હોવાની કોઈ હકીકત જણાવેલ નથી. જેથી વાદીએ સદર હકીકત સ્પષ્ટ પુરાવાથી પુરવાર કરવી જોઈએ તથા દાવાવાળી જમીનોમાં વાદીઓનો કોઈ હકક હિસ્સો લાગભાગ નથી કે આજ દિન સુધી વાદીઓ રયજીભાઈ માલાભાઈની હયાતીમાં દાવાવાળી જમીન પર કે નાની ઉભરવણ કે ભાણપુરા મુકામે આવેલ નથી અને વાદીઓએ જણાવેલ પેઢીનામાની વિગતો ખોટી છે અને વાદી નં.૧ રયજીભાઈના પ્રથમ પત્ની હોવાની વિગતો ઉપજાવી કાઢેલ છે અને તે આધારે ખોટો દાવો દાખલ કરેલ છે તથા દાવાવાળી જમીનની આજ દિન સુધી કોઈ વહેચણી કરવામાં આવેલ નથી કે વહેંચણી થઈ હોય તેવી કોઈ નોંધ રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવામાં આવેલ નથી.જેથી પ્રતિવાદી નં.૧ થી ૫ ના હિસ્સે ૧/૪ જમીન આવતી હોવાનો પ્રશ્ન હાલમાં ઉભો થયેલ નથી તેમજ દાવાવાળી જમીન પરત્વે પ્રતિવાદીઓ માલીક અને કબજેદાર છે અને વાદીઓને કોઈ લાગભાગ હકક હિસ્સો આવેલ નથી જેથી વાદીઓ જણાવે છે તેવુ દાવાનુ કારણ ઉપસ્થિત થયેલ નથી અને વાદીઓ પ્રતિવાદી નં.૧ થી ૫ ને દાવાવાળી જમીન સબંધી મળેલ નથી કે પ્રતિવાદીઓએ વાદીઓને કયારેય કોઈ ધમકી આપેલ નથી અને દાવાવાળી જમીન પ્રતિવાદીઓનો સંયુકત માલીકીની આવેલ છે અને વાદીઓની વડીલોપાર્જીત જમીન તેમજ દાવાવાળી જમીનના અસરપરસ વહેંચણી

થવાની થશે તો પ્રતિવાદીઓ અંગત રીતે રેવન્યુ રાહે કાર્યવાહી કરશે તથા રે.સ.નં.૧૧૨/૨ તથા રે.સ.નં.૧૩૭ વાળી જમીનોની વહેંચણી કરવામા આવે તો ટુકડા ધારાનો બાધ નડે છે તેમજ જમીનોની વહેંચણી કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી અને પ્રતિવાદીઓ હાલમાં દાવાવાળી જમીનોની કોઈ વહેંચણી કરવા માગતા નથી તથા દાવાવાળી જમીનો વાદીઓએ જોયેલ નથી તેમજ દાવાવાળી જમીનો કેટલા શેઢાથી કઈ દિશામાં વિભાજન થયેલ છે કે કેમ? તે હકીકતની પણ વાદીઓને કોઈ જાણ નથી તથા વાદીઓ રચજીભાઈ માલાભાઈના વારસદાર ન હોય દાવો કરવા માટે વાદીઓને કોઈ હકક અધિકાર પ્રાપ્ત થતો ન હોય વાદીનો દાવો તથા મનાઈ અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે. સદર કામે વાદીઓએ પ્રતિવાદીઓના જવાબ સંબંધી કોઈ કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ નથી.

(૩) હાલના દાવાના કામે વાદીઓ તરફે નીચે મુજબનાં પ્રાથમિક દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

(અ) વાદી તરફે રજુ પ્રાથમિક દસ્તાવેજી પુરાવા:

(૧) આંક–૩ ના દ.પુ. લીસ્ટથી નિશાની ૩/૧ થી ૩/૧૫ વાળા દસ્તાવેજ.

(૪) સદર કામે બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓને સાંભળ્યા.

(૫) ઉપરોકત હકીકત તથા સંજોગો નજર સમક્ષ રાખતા આંક–૫ ના ન્યાયિક નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું વાદીનો માંગણી મુજબનો પ્રતિવાદીઓ વિરુધ્ધ વચગાળાનો મનાઈહુકમ મેળવવા સારુ પ્રથમદર્શનીય રીતે ખુબ જ મજબુત અને સબળ કેસ છે ?

૨. શું બેલેન્સ ઓફ કન્વીનિયન્સ વાદીની તરફેણમાં છે ?

૩. શું વાદીને માગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામા ન આવે તો તેઓને નાણામાં ન માપી શકાય તેવુ નુકસાન થાય તેમ છે ?

૪. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના જવાબો નીચે મુજબ આપુ છુ.

૧. નકારાત્મક

૨. નકારાત્મક

૩. નકારાત્મક

૪. આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત મુદ્દાઓના કારણોની ચર્ચા નીચે મુજબ છે.

**-: કારણો :-**

**મુદ્દા નં. ૧ થી ૩ સંયુકત ચર્ચા:-**

પ્રસ્તુત મનાઈ અરજી સંદર્ભે ઉપર મુજબના તારણો ઉપર આવવા માટેના મારા કારણો નીચે મુજબ છે. ઉપરોકત ત્રણેય મુદ્દાઓ એકબીજાઓ સાથે સંકળાયેલ હોય રજુ કરવો તેમજ હકીકતો તેમજ દલીલોનુ પુનરાવર્તન ટાળવાના હેતુસર તમામ મુદ્દાઓની ચર્ચા આ નીચે એકસાથે કરવામા આવે છે.

પ્રસ્તુત મનાઈ અરજીની હકીકતો ધ્યાને લેતા, દીવાની કાર્યરીતી સહીતાના ઓર્ડર ૩૯ નિયમ ૧,ર હેઠળની અરજી હોય અરજીના નિકાલ માટે અરજી લઈ આવનાર પક્ષકારે તેનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવાનો રહે છે તથા દાવાની જે તકરારી બાબત છે તેમા તેઓએ દાવાનો આખરી નિકાલ થતા સમયે સફળ થઈ શકે તેમ છે તે રીતે તેઓનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવાનો હોય છે તેમજ સગવડતા અગવડતાની સમતુલા કોની તરફેણમાં છે તથા નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન કયા પક્ષકારોને થઈ શકે તેમ છે તે પ્રથમદર્શનીય રીતે નકકી કરવાનુ હોય છે. હાલના તબકકે કાયદા મુજબ હકીકત આધારીત પ્રશ્નનો નિકાલ કરવાનો નથી પરંતુ જે ચર્ચા કરવામાં આવેલ છે તે માત્ર પ્રથમદર્શનીય કેસ પુરતી જ મર્યાદીત છે.

સદર કામે વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી વંચાણે લેતા વાદીઓની મુખ્યત્વે એવી તકરાર છે કે, તેઓ મૈયત રયજીભાઈ માલાભાઈના વારસદારો છે અને તે જ હેસીયતે દાવાવાળી જમીનોમાં તેઓનો ૧/૪ હિસ્સો આવેલ હોય અને પ્રતિવાદીઓ વાદીઓને દાવાવાળી જમીનમાં વારંવાર કહયા છતાં વહેંચણી કરી આપતા ન હોય તથા ખેતી કામ કરતા રોકતા હોય તે કારણસર વાદીઓએ હાલનો દાવો દાખલ કરેલ છે. સદર કામે વાદીઓના કથન અનુસાર વાદીઓ તથા પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓ મૈયત રયજીભાઈ માલાભાઈના

વારસદારો હોવાનુ જણાવેલ છે અને તે સંબંધે વાદી તરફે ની.૩/૧૧ થી વાદી નં.૨ બળદેવભાઈનુ જન્મ પ્રમાણપત્ર રજુ કરેલ છે તથા ની.૩/૧૨ થી બળદેવભાઈનુ એલ.સી. રજુ કરેલ છે અને ની. ૩/૧૩ થી પરમાર માલાભાઈ ઝાલાભાઈ,રહે. નાની ઉભરવણનુ રેશનકાર્ડ રજુ કરેલ છે જેમાં પ્રતિવાદી નં.૧ ના નામ બાદ વાદી નં.૨ નુ નામ રયજીભાઈના પુત્ર તરીકે દર્શાવેલ છે. સદર કામે વાદીઓ તરફે રજુ થયેલ દાવાવાળી જમીનોના રેવન્યુ રેકર્ડ વંચાણે લેતાં તેમાં વાદીઓનુ નામ દાખલ થયેલ નથી.વધુમા વાદીએ પોતાની દાવા અરજીમાં રયજીભાઈના વારસદાર તરીકે તેઓનુ નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવા સબબ કોઈ કાર્યવાહી કરેલ છે કે તે બાબતે કોઈ હકીકત જણાવેલ નથી. વધુમાં સદર કામે પ્રતિવાદીઓ ધ્વારા વાદીઓ રયજીભાઈ માલાભાઈના પત્ની/પુત્ર હોવાની હકીકત બાબતે તકરાર લીધેલ હોય તેવા સંજોગોમાં વાદીઓ રયજીભાઈ માલાભાઈના સીધી લીટીના વારસદારો છે તે હકીકત પુરાવો લીધા સિવાય નકકી કરી શકાય તેમ નથી. સદર કામે વાદી તરફે રજુ ની. ૩/૧૩ વાળુ રાશનકાર્ડ વંચાણે લેતાં તેમાં વાદી નં.૧ સુર્યાબેનનુ નામ રયજીભાઈના પત્ની તરીકે હોવાનુ જણાઈ આવતુ નથી અને ની. ૩/૧૧ વાળો બળદેવભાઈનો જન્મનો દાખલો વંચાણે લેતાં તેમાં માતા તરીકે વાદી નં.૧ સુર્યાબેનનુ નામ દર્શાવેલ છે. જે હકીકત સંદર્ભે પણ વાદી તરફે પોતાના પક્ષનિવેદનમાં કોઈ ખુલાસો કરેલ નથી. સદર કામે વાદી દ્વારા પ્રતિવાદીઓ દાવાવાળી જમીનોમાં તેઓને કે તેમના પ્રતિનિધિઓને પ્રવેશતા કે ખેતી કરતા રોકે રોકાવે નહી તેવી દાદ માંગેલ છે, પરંતુ હાલના કામે વાદી દ્વારા દાવાવાળી જમીનોમાં તેઓએ કોઇ પણ સમયે ખેતી કરેલ હોય તેવુ કોઇ કથન દાવા તથા મનાઇ અરજીમાં કરેલ નથી, જેથી વાદીઓ દાવાવાળી જમીનોમાં રયજીભાઇ માલાભાઇના અવસાન બાદ કોઇ પણ સમયે ખેતી કરતા હોવાની હકીકત વાદી રેકર્ડ પરના પુરાવાથી સાબિત કરી શકેલ નથી. વધુમા જો એક તબકકે માની લેવામાં આવે કે વાદીઓ મૈયત રયજીભાઈ માલાભાઈના વારસો છે તો તેવા સંજોગોમાં વાદીઓ તથા પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓ તથા અન્ય પ્રતિવાદીઓ દાવાવાળી જમીનોના સહમાલીક હોવાનુ માનવાને કારણ છે. જેથી મીલકતના સહ માલીક વિરુધ્ધ વાદીઓએ માગ્યા મુજબનો મનાઈહુકમ આપવો ન્યાયોચિત જણાતુ નથી. વળી જયારે વાદી રયજીભાઈ માલાભાઈના કાયદેસરના વારસદાર છે તે હકીકત પુરાવો લીધા સિવાય

નકકી કરી શકાય તેમ ન હોય તથા સદર કામે વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજોનો અભ્યાસ કરતા વાદીએ દાવા તથા મનાઈ અરજીમાં વાદી નં.૧ સુર્યાબેનનુ નામ રયજીભાઈના પત્ની તરીકે કયા સં જોગોમાં દાખલ થયેલ નથી તે હકીકત અંગે માની શકાય તેવો દસ્તાવેજી આધાર પુરાવો રજુ કરેલ નથી તેવા સંજોગોમાં પણ વાદીનો પ્રથમદર્શનીય કેસ હોવાનું ફલીત થતુ નથી તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં નહી હોવાનું સાબીત થતુ હોઈ તથા વાદીને મનાઈ હુકમ નહી આપવાથી નાણાથી માપી ન શકાય તેવુ નુકશાન જાય તેમ હોવાની હકીકત પણ વાદી પ્રાથમીક રીતે સાબીત કરી શકેલ ન હોઈ રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા તથા ઉપરોકત ચર્ચાના આધારે મુદ્દા નં. ૧, ૨ તથા ૩ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૪ પરત્વે વાદીની આંક-૫ ની અરજી તળે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: આખરી હુકમ :-**

:: વાદીની આંક-૫ ની અરજી આથી નામંજુર યાને કે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

:: ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

હુકમ આજ રોજ તા.૧૫-માહે-સપ્ટેમ્બર સને-૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૫/૦૯/૨૦૨૫
સ્થળ-હાલોલ.

(જેનીફર કાંતીલાલ ક્રિશ્ચિયન)
એડી.સિનિયર સિવીલ જજ,
હાલોલ,
કોડ નં. જી.જે.૦૧૧૦૭